# જીવનનું લક્ષ્યઃ ચિત્તશુધ્ધિ

જીવનનો હેતુ- ઉદ્દેશ્ય છે પરમ આનંદમાં રહેવું, પરમ સુખમાં રહેવું, to remain blissful all the time. જે વ્યક્તિ અવિરત આનંદ અવસ્થામાં રહી શકે છે એના માટે સ્વર્ગ પણ અહીં જ છે, દેવલોક પણ અહીં જ છે અને મોક્ષ પણ અહીં જ છે. માટે જ કહેવાય છે કે કુટુંબમાં શાંતિથી રહેનાર માટે દેવલોકની અભિલાષા રહેતી જ નથી.

ચિત્તશુધ્ધિ, સ્વભાવશુધ્ધિ અને કષાયરહિતતા વ્યક્તિને શાંત અને સૌમ્ય બનાવે છે, પ્રશાંતતા અર્પે છે. અને એટલા માટે તો દલાય લામા કહે છે- "ધર્મ સરળ છે, મંદિર, મસ્જિદ, દેવળની જરૂર નથી, જટિલ ફિલસૂફીની જરૂર નથી, આપણું મન તથા હ્રદય જ આપણું મંદિર છે, જરૂર છે પ્રેમ, મૈત્રી, કરૂણા અને અનુકંપાની." અધ્યાત્મ પ્રાપ્તિનો નહીં, શુધ્ધિકરણનો વિષય છે.

કવિ સુંદરમ્ કહે છે- "હું માનવી માનવ થાવ તોય ઘણું." અટલ બિહારી વાજપેયીજી કહે છે- "માનવ બનો, ફક્ત નામથી નહીં, ચહેરાથી નહીં, રૂપથી નહીં, પરંતુ હ્રદયથી, મનથી, સંસ્કારથી, જ્ઞાનથી અને ચારિત્રથી."

એક 12 વર્ષની ભૂખી દીકરીને જ્યારે મેં કેળાની અને બિસ્કિટની થેલી આપી ત્યારે એણે એમાંથી જરૂર પૂરતું ખાવાનું લઈ, બાકીની થેલી મને પાછી આપતા કહ્યું, સાહેબ, આ રાખી લો, નહીંતર તમે ભૂખા રહી જશો. આ છે આધ્યાત્મતાની ઉચ્ચ દશા, આ છે એની ખાનદાની, આ છે એની નિઃસ્વાર્થતા અને આ છે એની અંતરની ઉદારતા અને હ્રદયની વિશાળતા.

સાહિત્યકાર ગુણવંતભાઈ શાહ કહે છેઃ "જીવનમાં સતત પગની ઉપેક્ષા થાય છે અને પગરખાંને પોલીશ થતું રહે છે. દાંતની ચોકઠાની લેવાય તેટલી સંભાળ દાંતની નથી લેવાતી, ચશ્માંની લેવાય તેટલી સંભાળ આંખની નથી લેવાતી. પહેરવેશની લેવાય તેટલી સંભાળ મનની નથી લેવાતી અને મનની લેવાય તેટલી સંભાળ માહ્યલાની નથી લેવાતી."

મનુષ્ય જ્યારે જન્મે છે ત્યારે તેનું વજન અઢી કિલો હોય છે અને અગ્નિ સંસ્કાર બાદ તેની રાખનું વજન પણ અઢી કિલોનું જ હોય છે. જિંદગીનું પહેલું

કપડું જેનું નામ ઝભલું, જેમાં ખિસ્સું ન હોય અને જિંદગીનું છેલ્લું કાપડ- કફન એમાંય ખિસ્સું ન હોય. અને છતાં પણ એ વચગાળાના ખિસ્સાં માટે આપણે આટલી બધી ઉપાધિ લઈ, કેટકેટલા દગા, પ્રપંચ રમતા હોઈએ છીએ. જીવનમાં જો સંતોષ આવી જાય, પરિસ્થિતિનો સ્વીકારભાવ કરતાં આવડી જાય, જતું કરતાં આવડી જાય, મહાવીરનો અનેકાંતવાદ સમજાય જાય તો સમજજો કે આ જીવન એક મહેકતું- હસતું ગુલાબનું ફૂલ બની જાય.

જીવતાં આવડવું જોઈએ. જેણે જીવી જાણ્યું, એણે જીતી જાણ્યું. જીવનની શુધ્ધતા એ જ જીવન મુક્તિ છે. જીવન મુક્ત એટલે વ્યક્તિ ચાલુ જીવનમાં સુખ- દુઃખનો અનુભવ આપણી જેમ જ કરે છે પણ તેને સુખ- દુઃખ મનમાં સ્પર્શતા નથી, એટલે કે તે બંનેને સમાન ગણે છે. એ સમત્વ પ્રાપ્ત કરવા માટે ધ્યાનયોગ અને સ્વાધ્યાયની સાધના કરી, વિવેકદ્રષ્ટિ દ્વારા શીલ, સમાધિ અને પ્રજ્ઞામાં સ્થિર થવું પડે છે. ટૂંકમાં આ રાગ, દ્વેષ, અહંકાર, મમત્વ, ઈચ્છારહિતતાથી મુક્ત અવસ્થા છે.

જીવનમાં અનિત્યતાની ભાવના સમજવી જરૂરી છે, કશું જ નિત્ય નથી. આપણા મૃત્યુ પછી અહીંની બધી જ વસ્તુઓ અહીં જ રહી જવાની છે. આપણે બધા જ થોડા સમય માટેના અહીં પ્રવાસીઓ છીએ, બધું જ ક્ષણિક છે. પ્રભુ- પરમાત્માએ આપણને જીવન આપ્યું છે, કેવી રીતે જીવવું એ આપણા વિવેક પર આધાર રાખે છે.